# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૪/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૨૪૯ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૧૪/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી રણજીતસિંહ પ્રતાપસિંહ વાઢેર/ઉમેદસિંહ રણજીતસિંહ વાઢેર ગામ – ભીમરાણા

સબડીવીઝન: ઓખા

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દેવભુમી દ્વારકા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભુમી દ્વારકા

તારીખ: શુક્રવાર (૨૨.૧૦.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨.૧૦.૨૦૨૧ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે અમોને રેગ્યુલર બિલ આપવામાં આવતું જેની ભરપાઈ અમો રેગ્યુલર કરી આપતા પરંતુ જુનજુલાઈ-૨૦૧૭ થી અમોને બિલ મિટરરીડર દ્વારા જોયા વગર જ આપવામાં આવતું હતું ત્યારે એમોએ નાયબ ઇજનેર ઓખા તેમજ મિટરરીડરને મૌખિક રજુઆત કરેલ અને ઓકટોબર-નવેમ્બર-૨૦૧૮ માં મિટર રીડર દ્વારા બિલમાં રિમાર્કસ એવી હતી કે રિડીંગ લઈ શકાતા નથી અને ડિસ્પ્લેમાં કશું દેખાતું નથી આ બાબતની જાણ એમોએ ફરી નાયબ ઇજનેર ઓખા તથા મિટર રીડરને કરેલ ઘણી વખત મૌખિક રજુઆતો કરવા છતાં નાયબ ઈજનેર ઓખા

દ્વારા કોઈપણ જાતના પગલાં લેવામાં આવ્યા નહિ. ત્યારબાદ અમોને એકસાથે ૮૮૧૩ યુનિટનું બિલ ફેબ્રુઆરી-૨૦૧૯ ને બિલમાં આપવામાં આવેલ ત્યારબાદ આ બાબતની જાણ એમોએ નાયબ ઈજનેર ઓખાને કરેલ ત્યારબાદ નાયબ ઇજનેર ઓખા દ્વારા અમોને કોઈપણ જાતના કાગળો કે કોઈપણ જાતના પંચ રોજકામ વગર અમારૂ મીટર બદલવામાં આવેલ તેમજ અમોને જાણ કર્યા વગર અમારૂ મીટર લેબોરેટરીમાં અમારી હાજરી વગર ખોલવામાં આવેલઅને એકતરફી પંચ રોજકામ કરવામાં આવેલ હતું તેમજ અમોને કોઈપણ જાતના કાગળો તેમજ લેબરિપોર્ટ કે કોઈપણ જરૂરી કાગળો નાયબ ઈજનેર ઓખા દ્વારા આપવામાં આવેલ ન હતા ત્યારબાદ ઘણી રજુઆતો કર્યા બાદ અમોને રોજકામ આપવામાં આવેલ હતું તેમાં છેલ્લામિટર રીડીંગ ૧૯૭૭૫ બતાવવામાં આવેલ છે આમ જે ગાળામાં મિટર રીડીંગ આટલું આવેલ ત્યારે અમો અવાસ્નવાર લાંબા સમય માટે બહારગામ જતાં હતા અમારા દ્વારા ખરેખર આટલો વિજ-વપરાશ કરવામાં આવેલ નથી આ બાબતની જાણ પણ એમોએ નાયબ ઈજનેર ઓખાને અનેક વખત મૌખિક રીતે કરેલી પણ તેમના દ્વારા કોઈપણ જાતના પગલાં લેવામાં આવ્યાં નહિ અને અમારૂ હાલનું પણ વિજવપરાશ બિલ રેગ્યુલર ભરપાઈ કરવાનું કહેવા છતાં નાયબ ઈજનેર ઓખા દ્વારા અમારૂ હાલના સમયનું બિલ પણ લેવામાં આવતું નથી તેમજ આ બધા બિલ પર તેઓ દ્વારા વ્યાજની રકમ ઉમેરવામાં આવેલ છે તેમજ એમોએ અમારૂ ખેતીવાડી કનેક્શનની માંગ કરેલ હતી તે પણ નાયબ ઈજનેર ઓખા દ્વારા ઘણા સમયથી રોકી રાખવામાં આવેલ છે ખેતીવાડી કનેક્શન રોકી રાખેલ તેમાં પણ અમોને ખેતીમાં ઘણી બધી નુકશાની વેઠવી પડેલ છે. તો આપ સાહેબશ્રીને અમારી નમ્ર રજુઆત છે કે આ બાબતે અમોને યોગ્ય ન્યાય મળે તથા અમારૂ ખેતીવાડી કનેક્શન જે નાયબ ઈજનેર ઓખા દ્વારા રોકી રાખવામાં આવેલ તે અમોને જલ્દી મળી રહેલ અને અમારૂ જે હાલમાં વિજ-વપરાશ બિલ લેવામાં આવતું નથી તે રેગ્યુલર લેવામાં આવે તથા તેના ઉપર જે વ્યાજની રકમ ઉમેરવામાં આવેલ છે તે પણ માફ કરવામાં આવે અને આપ સાહેબ દ્વારા આ બાબતે યોગ્ય ન્યાય અમોને આપવામાં આવે તેવી નમ્ર વિનંતી.આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 આપ સાહેબ ને જણાવવાનું કે શ્રી રણજીતસિંહ પ્રતાપસિંહ વાઢેર C/o. ઉમેદસિંહ રણજીતસિંહ વાઢેર. દ્વારા ઓખા પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ભીમરાણા ગામમાં રણજીતસિંહ પ્રતાપસિંહ નામનું ગ્રાહક નં૮૨૫૦૪/૦૦૦૯૩/૬ નુ ઘર વપરાશ નુ વીજ કનેકશન નુ માહેફેબ્રુવારી-૨૦૧૯ માં ટોટલ ૮૮૧૩ યુનીટ નુ રૂ.૫૬૪૭૦ નુ વીજબીલ આપવામાં આવેલ, જે બિલ પેન્ડીંગ યુનીટ નુ હોય એટલે કે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૭ થી ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન Nસ્ટેટસ વાળા એટલે કે ૦(શૂન્ય) વીજ વપરાશ ના માત્ર ફિક્સ ચાર્જ લેખે રું૩૦ મુજબના વીજ બિલ આપવામાં આવેલ.

3.૧ અને જે બાબત અરજદાર દ્વારા કોઈ લેખિત કે મોખિક રજૂઆત કરવામાં આવેલ ન હતી. અરજદાર ને પેન્ડીંગ યુનીટ નુ બિલ મળ્યા બEદ અરજદાર ની રજૂઆત ના આધારે વીજ મીટર ની લેબ પરીક્ષણ કરતા મીટર બરાબર માલુમ પાડેલ એટલે કે સદર પેન્ડીંગ યુનીટ નુ બિલ બરાબર છે.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે. .

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા ૮૮૧૩ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે બિલિંગ વાઈજ સરેરાશ મુજબ ગણતરી કરી ને અરજદાર શ્રી ને ફરીથી બિલ આપવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ 3.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ 3.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. 3, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬3૦૨૬૮૯